ભિલોડાના નિવૃત્ત ઉચ્ચ અધિકારીની કરોડોની મિલ્કત હડપ કરવા શિક્ષક પુત્રીને પ્રેમજાળમાં ફસાવી

શિક્ષિકાની ઉંમર ૪૫ વર્ષ, પ્રેમીની ઉંમર ૩૪ વર્ષ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

ભિલોડાના નિવૃત્ત ઉચ્ચ અધિકારીની કરોડોની મિલ્કત હડપ કરવા અમદાવાદ જિલ્લામાં ફરજ બજાવતી શિક્ષિકા પુત્રીને સ્થાનિક ગાંધીવાદી કહેવાતા યુવાને પ્રેમજાળમાં ફસાવી નવો ખેલ રચ્યો છે. શિક્ષિકાની ઉંમર ૪૫ વર્ષ છે. જ્યારે પ્રેમીની ઉંમર ૩૪ વર્ષ હોવાનું જાણવા મળ્યું છે. પ્રેમી અગાઉ પરણેલો છે અને તેને તરછોડેલી પત્નિએ જે આપવીતી પત્ર દ્વારા વ્યક્ત કરી છે તે જોતાં ૩૪ વર્ષિય યુવાન પશુથી પણ ભૂંડો હોવાનું અનુમાન છે.

પત્રમાં કરેલા ઉલ્લેખ અનુસાર અમદાવાદમાં રહેતી ૪૫ વર્ષિય ખ્રિસ્તી યુવતી અને ૩૪ વર્ષિય છૂટાછેડા લીધેલા યુવાન વચ્ચેના પ્રણયફાગે ભિલોડા તાલુકાના તહલકો મચાવી દીધો છે. બંન્નેનો સંગમ ક્યાં અને કેવી રીતે થયો તેની પળોજણમાં પડવું નથી પરંતુ પતિ દ્વારા તરછોડાયેલી પત્નિએ તેના પતિના મોહપાશમાં આવેલી શિક્ષિકાને પત્ર લખીને જણાવ્યું છે કે તે તને માત્ર ટાઈમપાસ માટે ઉપયોગ કરી રહ્યો છે તારા પિતાની કરોડોની મિલ્કત હડપ કરી લીધા પછી તને પણ તરછોડી દેશે. પોતાની હૈયાવરાળ ઠાલવતાં તરછોડાયેલી પત્નિએ લખ્યું છે કે કચ્છના મિત્રોના ગૃપમાં તેને જણાવ્યું કે ઉચ્ચ અધિકારીની એકની એક પુત્રીને પટાવેલ છે અને તેના સાથે લગ્ન નક્કી છે. પરંતુ મારા પૂર્વ પતિની ખાસીયત છે કે છોકરીઓના પૈસે જલસા કરવા તેની સામે ઉચાપત કેસ પણ થયા છે. તે તને પટાવી-ફસાવીને ગૃપમાં એવું પણ કહેતો હતો કે તે ખ્રિસ્તી બની જશે તેની બહેનોને પણ ખ્રિસ્તી બનાવશે. બીજી તરફ તે હિન્દુવાદી કેટલીક સંસ્થાઓને જણાવી રહ્યો છે કે તેને ખ્રિસ્તી છોકરીઓને ફસાવશે અને હિન્દુ બનાવશે. એક રીતે તે સાતીર માઈન્ડ ધરાવે છે. તારે એની સાથે લગ્ન કરવું હોય તો ચેતી જજે. મારે કોઈ નિસ્બત નથી પરંતુ વાલીઓ જેમ વાલ્મિકી બની ગયો તેવું રામાયણ અને ફિલ્મોમાં બને છે. વાસ્તવિક આવા ભૌતિક યુગમાં નહીં જો તે તને સાચો પ્રેમ કરતો હોય તો કહી દે ૫ વર્ષ સુધી મારા પિતાની મિલ્કતમાંથી પ્રત્યક્ષ કે પરોક્ષ એકપણ રૂપિયાની સહાય મદદ નહીં લે. જિલ્લાના ગુપ્તચર વિભાગે પણ આ બાબતે પોતાના સોર્સથી ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરવાની જરૂર છે. જેથી શિક્ષિકા જેવી બરબાદ થઈ રહેલી સુખી-સંપન્ન પરિવારની અનેક દિકરીઓને આવા સાતિર લોકોથી બચાવી શકાય.

યુવતીની હૈયારાળ, મારૂ નામ જાહેર ન કરશો નહીંતર મારે આપઘાત કરવો પડશે..

પત્રમાં જણાવ્યા અનુસાર મારૂ નામ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ક્યાંય ન આવે તે જોવા ખાસ વિનંતી નહીં તો મને ખુબ જ હેરાન કરાવશે અને કદાચ મારે આપઘાત પણ કરવો પડે.

નવી પચીસ ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ વાનનું લોકાર્પણ

નાયબ મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્યના નાગરિકોને આકસ્મિક સંજોગોમાં ત્વરિત આરોગ્ય સેવાઓ પૂરી પાડીને માનવીની મહામૂલી જીંદગી બચાવવી એ અમારી પ્રાથમિકતા છે જેના પરિણામે આજે રાજ્યમાં ૮૦૦ થી વધુ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ વાનની સેવાઓ કાર્યરત છે. ઉર્ઝૅના ધોરણો મુજબ દર ૧ લાખની વસ્તીએ ૧૦૮ જેવી એક એમ્બ્યુલન્સની સેવા જોઈએ એ મુજબ રાજ્યમાં ૬૫૦ એમ્બ્યુલન્સ હોવી જોઈએ. તેની સામે ગુજરાતમાં ૮૦૦ થી વધુ એમ્બ્યુલન્સ કાર્યરત છે જે અમારી નાગરિકોની જીંદગી બચાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આજે ગાંધીનગર ખાતે નવી પચીસ ૧૦૮ એમ્બ્યુલન્સ વાનનું લોકાર્પણ કર્યા બાદ મીડિયા સાથેની વાતચીતમાં નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું કે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સપનું હતું કે આકસ્મિક સંજોગોમાં નાગરિકોને ત્વરિત આરોગ્ય સારવાર આપવી એ વેળાએ દેશભરમાં સૌ પ્રથમવાર ગુજરાતમાં વર્ષ ૨૦૦૭ માં સાત ૧૦૮ એમ્બ્યુલન્સથી શરૂ કરેલી સેવાઓમાં ઉત્તરોતર વધારો સરકારે કર્યો છે અને આજે ૧૦૮ ની આઠસો એમ્બ્યુલન્સ સેવા રાજ્યભરમાં કાર્યરત છે. આ યોજનાની સફળતાને ધ્યાને લઈ અમે તેમાં વધારો કર્યો છે. નાગરિકોની મહામૂલી જીંદગી બચાવવા માટે આગામી બે-ત્રણ માસમાં નવી પંચોતેર ૧૦૮ એમ્બ્યુલન્સ વાન સુવિધા નાગરિકો માટે કાર્યાન્વિત કરાશે.

ગુજરાતમાં કોરોનાના નવા ૧૩૩૩ કેસ નોંધાયા

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૮ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૭૭૫૯૫૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૩૨ કેસ

ગાંધીનગર,તા.૩૧

રાજ્યમાં કોરોનાની બીજી લહેરની અસર ધીરે-ધીરે ઓછી થતી જઈ રહી છે. રાજ્યમાં આજે નવા કેસોનો આંકડો ૧,૪૦૦થી પણ ઓછો રહ્યો હતો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧,૩૩૩ કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાથી છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ લોકોના મોત થયા છે. રાજ્યના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાં આજે ૪,૦૯૮ દર્દીઓએ કોરોનાને હરાવી પોત-પોતાના ઘરે પાછા ગયા છે. એક્ટિવ દર્દીઓની વાત કરીએ હાલ રાજ્યમાં ૨૬,૨૩૨ દર્દીઓ એક્ટિવ છે. જેપૈકી ૪૫૨ વેન્ટિલેટર પર છે. ૨૫૭૮૦ દર્દીઓ સ્ટેબલ છે. જ્યારે ૭,૭૫,૯૫૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

૯,૮૭૩ દર્દીઓનાં અત્યાર સુધીમાં કુલ મોત નિપજયાં છે. જ્યારે આજે કોરોનાને કારણે કુલ ૧૮ લોકોનાં મોત નિપજયાં છે. રાજ્યના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ, આજે કુલ ૧,૭૨,૯૦૧ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાના દરમાં પણ સતત વધારો થયો છે તે ૯૫.૫૫ ટકાએ પહોંચ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૧,૩૩૩ કેસ નોંધાયા છે. જ્યારે ૪,૦૯૮ દર્દીઓ સાજા થઈ ચુકયા છે. અત્યાર સુધીમા કુલ ૭,૭૫,૯૫૮ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે.

તંત્રને ચીમકી : નગરપાલિકાના વોર્ડ નં. ૫માં

સમાવિષ્ટ ઈન્દિરા કોલોની વિસ્તારના રહીશો દ્વારા ભૂગર્ભ ગટરલાઈનની માંગ કરાઈ

માંગ નહીં સંતોષાય તો ગાંધી ચિંધ્યા માર્ગે ધરણાં

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૨

હિંમતનગર નગરપાલિકાના હદ વિસ્તારમાં આવતા વોર્ડ નંબર -૧ થી ૯ માં રોડ , રસ્તા , ગટર , પાણી સહિત અનેક પાયાની પ્રજાલક્ષી સુવિધાઓના અભાવે નગરપાલિકા તંત્ર ઉણુ ઉતરતા નગરજનોના રોષનું કારણ બન્યા બાદ ભૂતકાળમાં ચર્ચાનું કેન્દ્ર બની ચૂકી છે ત્યારે દર વર્ષે નગરજનો પાસેથી કરવેરા સ્વરૂપે વસૂલવામાં આવતા નાણાંનો સદુપયોગ કરી પ્રજાલક્ષી કાર્યોને અગ્રીમતા આપવામાં આવે એવી લોક માંગ પ્રબળ બની છે.

કોરોના મહામારી ની કપરી પરિસ્થિતિમાં પણ ૧૦ ટકા રીબેટ આપવાની જાહેરાત કરી કરવેરો વસુલતી નગરપાલિકા વોર્ડ નંબર ૧ થી ૯ માં પાયાની સુવિધાઓ પૂરી કરવામાં અને ઉણી શહેરીજનોમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે ત્યારે શહેરના ભોલેશ્વર વિસ્તારમાં ભૂગર્ભ ગટર લાઈન નાખવા માટે સ્થાનિકો દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજૂઆત કર્યા બાદ પણ કોઈ નિવેડો ન આવતા તંત્ર સમક્ષ ધા નાંખી છે અને માગણી નહીં સંતોષાય તો ગાંધી ચિંધ્યા માર્ગે ધાણા કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે.

હિંમતનગર વિધાનસભા યુથ કોંગ્રેસના નેજા હેઠળ નગરપાલિકાના ચીફ ઓફિસરને સંબોધીને કરવામાં આવેલી રજુઆતમાં જણાવવામાં આવ્યું છે કે, હિંમતનગર શહેરના વોર્ડ નંબર - ૫ માં સમાવિષ્ટ ભોલેશ્વર વિસ્તારની ઈન્દિરા નગર કોલોની માં ભૂગર્ભ ગટર લાઈન ના અભાવે સ્થાનિક રહીશો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ભૂતકાળમાં ભૂગર્ભ ગટરલાઈનની સમસ્યા અંગે લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યા અંગે નોંધ સુદ્ધા પણ લેવામાં આવી નથી ત્યારે નગરપાલિકા તંત્ર દ્વારા સત્વરે તાત્કાલિક ધોરણે ચીફ ઓફિસરને કરેલી રજૂઆતો ધ્યાને લઈ ઘટતી કાર્યવાહી કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે ધરણા કરી વિરોધ પ્રદર્શન કરવા ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

સાબરકાંઠામાં કોરોના બેડની વિગતો હવે આંગળીઓના ટેરવે

જિલ્લાની સરકારી અને ખાનગી હોસ્પિટલમાં કેટલા બેડ ઉપલબ્ધ છે તે જાણવા કોવિડ પોર્ટલ લોન્ચ કરાયું

હિંમતનગર તા.૦૨

સમગ્ર રાજ્યમાં કોરોના મહામારીમાં દર્દીઓને ઉત્તમ સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના કોરોનાના દર્દીઓને કોરોનાની લગતી તમામ વિગતો ઘરે બેઠા જ ઉપલબ્ધ થાય તે માટે વેબ પોર્ટલ લોન્ચ કરાયું છે. જેમાં જિલ્લાના તમામ તાલુકાઓની ખાનગી તેમજ સરકારી હોસ્પિટલમાં કેટલા બેડ ઉપલબ્ધ છે તમામ વિગતો મળી શકશે.

સાબરકાંઠા જિલ્લા કલેકટર હિતેષ કોયા અને જિલ્લા વિકાસ અધિકારી ડૉ. રાજેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા આ વેબ પોર્ટલમાં જિલ્લાની ૧૦ સરકારી અને ૧૯ ખાનગી હોસ્પિટલ મળી કુલ ૨૯ કોવિડ હોસ્પિટલનો સમાવેશ કરાયો છે.

હિંમતનગરમાં ૪૯૭, ઇડરમાં ૧૧૫, ખેડબ્રહ્મામાં ૭૪, પોશીનામાં ૨૦, પ્રાંતિજમાં ૩૩, તલોદમાં ૩૧, વડાલીમાં ૧૮ અને વિજયનગરમાં ૧૬ મળી કુલ ૧૨૭૬ બેડની વ્યવસ્થા કરાઇ છે

પોર્ટલને તૈયાર કરનાર પ્રોબેશનર આઈ.એ.એસ યોગેશ કાપસે જણાવ્યું હતું કે, હિંમતનગરમાં ૪૯૭, ઈડરમાં ૧૧૫, ખેડબ્રહ્મામાં ૭૪, પોશીનામાં ૨૦, પ્રાંતિજમાં ૩૩, તલોદમાં ૩૧, વડાલીમાં ૧૮ અને વિજયનગરમાં ૧૬ મળી કુલ ૧૨૭૬ બેડની વ્યવસ્થા કરાઈ છે. જેમાં ઓક્સિજન સાથેના, વેન્ટીલેટર સાથેના અને અન્ય બેડની તમામ વિગતો આ પોર્ટલમાં છે. આ ઉપરાંત કોરોનાની સામાન્ય લક્ષણો, તેની સારવાર અને અન્ય જાહેરનામાથી માંડી દવાઓની ઉપલબ્ધિનો સમાવેશ કરાયો છે.

વાવાઝોડાથી પડેલા વૃક્ષો : અમદાવાદમાં તાઉતે વાવાઝોડાને લીધે સંખ્યાબંધ વૃક્ષો પડી ગયા હતા. જોકે, પડેલા આ વૃક્ષોને હટાવવાની કામગીરી ખૂબજ ધીમી ચાલી રહી છે. હજુ પણ કેટલાક સ્થળે વૃક્ષો પડેલા જોવા મળે છે.

એસપી સ્વામી બે વર્ષ માટે છ જિલ્લામાંથી તડીપાર

બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, અમરેલી,રાજકોટ અને અમદાવાદમાંથી સ્વામીને તડીપાર કરવામાં આવ્યા

બોટાદ,તા.૨

ગઢડા ગોપીનાથજી મંદિરના પૂર્વ ચેરમેન અને પૂર્વ કોઠારી સ્વામીને બે વર્ષ માટે ૬ જિલ્લા માંથી તડીપાર કરાયા છે. તડીપાર મામલે એસ.પી. ના દબાણ હેઠળના આક્ષેપને લઈ નિષ્પક્ષ કામગીરીથી હુકમ કર્યાનું સબ ડિવિજનલ મેજિસ્ટ્રેટનું નિવેદન છે. આ સાથે ૩૦૭, મારામારી સહિતના ગુનાને લઈ પોલીસ દ્વારા કરાયેલી દરખાસ્તના આધારે હુકમ થયો હોવાનું મેજિસ્ટ્રેટે નિવેદન આપ્યું છે. ગઢડા ગોપીનાથજી મંદિરના પૂર્વ ચેરમેન એસપી સ્વામી અને પૂર્વ કોઠારી ઘનશ્યામ સ્વામી સામે બે વર્ષ માટે ૬ જિલ્લામાંથી તડીપાર કરવાનો હુકમ સબ ડિવિજનલ મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવ્યો. જેમાં બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, અમરેલી,રાજકોટ અને અમદાવાદ જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા આપવામાં આવેલી દરખાસ્તના આધારે તડીપાર કરવામાં આવ્યું હોવાનું સબ ડિવિજનલ મેજિસ્ટ્રેટે નિવેદન આપ્યું છે. મેજિસ્ટ્રેટ દ્વારા જણાવ્યા મુજબ, તડીપારની નોટિસને લઈ બચાવ માટે પૂરતી તક આપવામાં આવી હતી અને એસ.પી.સ્વામી અને ઘનશ્યામ સ્વામી વિરુદ્ધ ૩૦૭, મારામારી જેવા ૬ જેટલા ગુનાઓ અને પોલીસની દરખાસ્તને ધ્યાને લઇ કાયદાની મર્યાદામાં તડીપાર હુકમ કરવામાં આવ્યો છે. તો એસપી સ્વામી દ્વારા સંસ્થાના દબાણ હેઠળ તડીપારનો હુકમ કરવામાં આવ્યો છે. જે આક્ષેપ ને લઈને સબ ડિવિજનલ મેજિસ્ટ્રેટ દ્વારા પોલીસની મળેલ દરખાસ્ત અને ૩૦૭,મારામારી જેવા ૬ જેટલા અન્ય ગુનાને ધ્યાનમાં રાખી નિષ્પક્ષ રીતે કાયદાની મર્યાદામાં આવી હુકમ કરેલ છે. કોઈના દબાણ હેઠળ કામગીરી કરવામાં આવી નથી. તેવું સબ ડિવિજનલ મેજિસ્ટ્રેટ એમઆર વસાવાએ નિવેદન આપ્યું છે.

જિલ્લામાં કોરોનામાં અનાથ બાળકોની વિગતો માટે બાળ સુરક્ષા વિભાગ દોડતું થયું

આરોગ્ય-શિક્ષણ વિભાગના સંકલનમાં ડેટા કલેક્શનની કામગીરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં માર્ચ-૨૦૨૦ પછી કોરોના કાળ દરમ્યાન માતા-પિતા અવસાન પામ્યા હોય તેવા અનાથ બાળકો માટે રાજ્ય સરકારે બાલસેવા યોજનાની જાહેરાત કરી છે. ટૂંક સમયમાં સરકારે ઠરાવ કરી જિલ્લામાં પરીપત્ર પાઠવીને અનાથ બાળકોની વિગતો મંગાવતાં બંન્ને જિલ્લાનું બાળ સુરક્ષા વિભાગ દોડતું થયું છે જેમાં આરોગ્ય અને શિક્ષણ વિભાગના સંકલનમાં રહી ડેટા કલેક્શનની કામગીરી શરૂ કરવામાં આવી છે. જિલ્લામાં કોરોનાથી અસંખ્ય પરિવારોમાં બાળકોએ કાં તો માતા અથવા પિતાની છત્રછાયા ગુમાવી છે પરંતુ કોરોનાના કહેરમાં માતા અને પિતા બંન્નેની છત્ર છાયા ગુમાવનાર બાળકોની સંખ્યા કેટલી તેની સચોટ માહિતી હજુ સુધી બહાર આવી નથી કેમ કે સરકારના આદેશ પછી હજુ તંત્ર વિગતો એકત્ર કરવામાં પરોવાયું છે.

કોરોનાથી મૃત્યુના કિસ્સામાં રાજ્ય સરકારે મૃતકના પરિવારજનોને આર્થિક સહાય આપવી જોઈએ તેવી માંગ ચારેકોરથી ઉઠવા પામી છે. વિપક્ષ દ્વારા પણ આ મુદ્દે સરકારને રજૂઆત થઈ છે. અનેક પરિવારોએ ઘરના મોભી ગુમાવતાં બાળકોના ભવિષ્ય અંગે મોટો પ્રશ્ન ઉભો થયો છે. રાજ્યની સંવેદનશીલ સરકારે કોરોના કાળમાં અનાથ બાળકોને આર્થિક મદદ કરવાના હેતુથી બાલસેવા યોજનાની જાહેરાત કરી છે. જેથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના બાળ સુરક્ષા વિભાગ દ્વારા યોજનામાં લાભાર્થી બાળકોની વિગતો મેળવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. યોજના અંતર્ગત ૦ થી ૧૮ વર્ષથી સુધીના અનાથ બાળકોને માસિક રૂા.૪૦૦૦ની સહાય, જ્યારે ૧૮ થી ૨૧ પુખ્તવયના અનાથોને આફટર કેર યોજના અંતર્ગત માસિક રૂા.૬૦૦૦ આપવાની જાહેરાત થઈ છે. માર્ચ-૨૦૨૦ થી અત્યાર સુધીમાં કોઈપણ કારણોસર જે બાળકોના માતા-પિતાનું અવસાન થયું છે તેવા ૦ થી ૧૮ વર્ષ સુધીના લાભાર્થીઓને મુખ્ય મંત્રી બાલસેવા યોજનાની માસિક રૂા.૪૦૦૦ની સહાય અપાશે તેવી જાહેરાત પછી બંન્ને જિલ્લાના ૧૪ તાલુકાઓમાં કોરોના કાળમાં કેટલા બાળકો અનાથ થયા છે..?? તેની વિગતો સરકારમાં મોકલવા માટે બાળ સુરક્ષા વિભાગના અધિકારીઓ દ્વારા આરોગ્ય અને શિક્ષણ વિભાગના સંકલનમાં રહી વિગતો એકત્ર કરવામાં આવી રહી છે.

હિંમતનગર એસ.ટી. ડીવીઝનના ૬૫ ટકા એસ.ટી. રૂટ શરૂ

૨ મહિના અનેક રૂટ બંધ રહેતાં એસ.ટી.ને આવકમાં કરોડોનો ફટકો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ આગળ વધતાં છેલ્લા ૨ મહિનાથી એસ.ટી. વિભાગના અસંખ્ય રૂટ બંધ કરવામાં આવતાં તંત્રને આવકમાં કરોડોનો ફટકો પડ્યો છે. હિંમતનગર એસ.ટી. ડીવીઝનના ૯ ડેપો દ્વારા સંક્રમણને ધ્યાનમાં રાખી કાયમી રૂટની એસ.ટી. બસનાં પૈડાં થંભાવી દેવામાં આવ્યાં હતાં પરંતુ હવે સંક્રમણની સ્થિતિ હળવી થતાં વિભાગ દ્વારા ૬૫ ટકા એસ.ટી. રૂટ શરૂ કરવામાં આવતાં મુસાફરોએ રાહત અનુભવી છે. જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લાઓમાં કાયમી રૂટ ઉપર દોડતી એસ.ટી. બસને જે તે બસ ડેપોમાં ઉભી કરી દેવામાં આવતાં એસ.ટી.ની ૫૦ ટકા આવક ઘટી હતી પરંતુ હવે ધીરે ધીરે રૂટ શરૂ કરવામાં આવતાં મુસાફરોની સંખ્યા વધી રહી છે.

એસ.ટી. વિભાગ દ્વારા કોરોનાનું સંક્રમણ ફેલાયું તે સમયે શરૂ શરૂમાં એસ.ટી. બસ મથકમાં મુસાફરોનું સ્કિનીંગ અને સેનેટાઈઝની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી પરંતુ ત્યાર પછી સ્થિતિ વધુ બેકાબુ બનતાં એસ.ટી. વિભાગ દ્વારા એસ.ટી. બસના રૂટ બંધ કરવા માટે નિર્ણય લેવાયો હતો. મુસાફરો એકબીજાના સંપર્કમાં આવી કોરોના સંક્રમણનો ભોગ ન બને, ઝડપથી ફેલાતું સંક્રમણ અંકુશમાં આવે તે માટે એસ.ટી. બસનાં પૈડાં થોભાવી દેવામાં આવ્યાં હતાં. બીજી લહેર ઘાતક સાબિત થતાં એસ.ટી. ડીવીઝન દ્વારા અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, નવસારી, સૌરાષ્ટ્ર, મુંબઈ સહિતના લાંબા રૂટ ઉપરાંત સ્થાનિક કાયમી રૂટની એસ.ટી. બસની સેવા બંધ કરી દેવામાં આવી હતી. જેના કારણે એસ.ટી.ને આવકમાં કરોડોનો ફટકો પડ્યો હતો જેમાં એસ.ટી. નિગમ દ્વારા કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખી અપાતા આદેશ મુજબ રૂટ શરૂ કરવામાં આવ્યા તો ખરા પરંતુ હજુય મુસાફરોની પાંખી હાજરી જોવા મળી રહી છે. જિલ્લા એસ.ટી. ડીવીઝનના બાયડ, મોડાસા, હિંમતનગર, ભિલોડા, વિજાપુર, ખેડબ્રહ્મા, માણસા, ઈડર, પ્રાંતિજ સહિતના ડેપોમાં હવે ૬૫ ટકા એસ.ટી. રૂટ શરૂ કરવામાં આવતાં ખાનગી વાહનોમાં મુસાફરી કરતા મુસાફરોએ હવે રાહત અનુભવી છે.

માછીમારો માટે ૧૦૫ કરોડ રૂપિયાનું રાહત પેકેજ જાહેર

અંશત નુકશાન પામેલ નાની બોટના કિસ્સામાં ૫૦% અથવા ૩૫૦૦૦ સહાય બેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર થશે

ગાંધીનગર,તા.૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં મંગળવારે મળેલી કોર કમિટીની બેઠકે રાજ્યમાં તાજેતરમાં તાઉતે વાવાઝોડાને કારણે ખેતી-બાગાયતી પાકો ઉપરાંત દરિયા કિનારાના સાગરખેડૂ-માછીમારોને થયેલા વ્યાપક નુકસાનમાંથી તેમને પૂર્ન:બેઠા કરવા અને મત્સ્યોદ્યોગ પ્રવૃતિમાં પૂર્વવત કરવાના હેતુથી સર્વગ્રાહી સમીક્ષા કરીને રૂપિયા ૧૦૫ કરોડનું ઉદારતમ રાહત-સહાય પેકેજ જાહેર કર્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ રાહત સહાય પેકેજની વિગતો આપતા કહ્યું કે, સાગરખેડૂ-માછીમારોને તાઉતે વાવાઝોડાથી થયેલા વ્યાપક નુકસાનમાંથી પૂર્ન:બેઠા કરવા અને પૂર્વવત કરવાની સંપૂર્ણ સંવેદનાથી રાજ્યના ઈતિહાસમાં પ્રથમવાર આટલું વિશાળ ૧૦૫ કરોડ રૂપિયાનું ઉદારતમ પેકેજ સરકારે જાહેર કર્યું છે. તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે, તાજેતરમાં ગુજરાતના ખાસ કરીને સૌરાષ્ટ્રના દરિયાકિનારે આવેલા બંદરો જાફરાબાદ, રાજુલા, સૈયદરાજપરા, શિયાળબેટ, નવાબંદર સહિતના બંદોરોને ઘમરોળીને કલાકના ૨૨૦ કિ.મીની ઝડપે ત્રાટકેલા તાઉતે વાવાઝોડાથી દરિયો પણ તોફાની થયો હતો. આના પરિણામે માછીમારોની ફિશિંગ બોટ, મોટા ટ્રોલર, હોડીઓ સહિત અમૂક કિસ્સાઓમાં મત્સ્યબંદરની માળખાકીય સુવિધાઓને પણ મોટાપાયે નુકસાન થયું હોવાનો અંદાજ સામે આવ્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ૧૬૦૦ કિ.મીનો સૌથી લાંબો સમુદ્રકિનારો ધરાવતા ગુજરાતમાં પોરબંદરથી ઉમરગામ સુધીની દરિયાઇ પટ્ટીમાં નાના-મોટા મત્સ્યબંદરો પરથી અનેક સાગરખેડૂ પરિવારો દરિયો ખેડીને માછલી-ઝિંગા જેવા મત્સ્ય ઉત્પાદનો મેળવી તેના વેચાણથી પોતાની આજીવિકા રળીને નિર્વાહ કરતા રહ્યા છે.

ચુ-ટર્ન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિચારણા કરીને રાજ્ય સરકારે વડાપ્રધાનના આ નિર્ણયના સમર્થનમાં ગુજરાતમાં પણ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ની આ વર્ષે યોજાનારી પરીક્ષાઓ રદ કરવાનો એટલે કે નહિ યોજવાનો નિર્ણય કર્યો છે. તેમણે વધુમાં કહ્યું કે, આ બોર્ડની પરીક્ષાઓ અંગેની હવે પછીની આગળની કાર્યવાહી રાજ્ય સરકાર ભારત સરકારની ગાઈડલાઈન્સ મુજબ કરશે. શિક્ષણમંત્રીએ વધુમાં ઉમેર્યું કે, આગામી ૭મી જૂનથી શરૂ થઈ રહેલા નવા શૈક્ષણિક સત્રમાં પણ ઓનલાઈન એજ્યુકેશનની પદ્ધતિ પ્રવર્તમાન કોરોના સ્થિતીને અનુલક્ષીને યથાવત રહેશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે વડાપ્રધાન મોદીએ બાળકોના હિતમાં સીબીએસઈની પરીક્ષા રદ્દ કરવાના લીધેલા નિર્ણય બાદ ગઈકાલ રાતથી ગુજરાતનો શિક્ષણ વિભાગ અને શિક્ષણ બોર્ડ કામે લાગી ગયું હતું. કારણે કે, ગુજરાત બોર્ડે પરીક્ષાની તારીખો અને કાર્યક્રમ જાહેર કરી લીધા બાદ પીએમે નિર્ણય લીધો હતો. જેના કારણે ટાઈમ ટેબલ જાહેર કર્યા બાદ પરીક્ષા રદ કરવી કે કેમ તે અંગે પ્રશ્નાર્થ સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે મોડી રાત સુધી સીએમ, શિક્ષણમંત્રી સહિતના અધિકારીઓ વચ્ચે બેઠકો યોજાઈ હતી. જેમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૨ની પરીક્ષા અંગેની ફેર વિચારણા કરવામાં આવી હતી. જ્યારે આજે મંત્રીમંડળની બેઠકમાં ગુજરાતમાં પણ ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારની પરીક્ષા રદ કરવાની જાહેરાત બાદ વિદ્યાર્થીઓ અને તેમના વાળીઓ પણ રાહત અનુભવી રહ્યા છે.

વિદેશી વેક્સિન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાનુ કહેવુ છે કે, જે રસીનો ઉપયોગ પહેલા જ લાખો લોકો પર થઈ ચુકયો છે તેને ટ્રાયલમાંથી છુટ આપવામાં આવી છે. જોકે આવી રસી જે પહેલા ૧૦૦ લોકોને મુકવામાં આવશે તેમના પર સુરક્ષાના કારણોસર સાત દિવસ સુધી નજર રાખવામાં આવશે.

સરકાર પહેલા પણ દાવો કરી ચુકી છે કે, જુલાઈ ઓગસ્ટ સુધીમાં રોજ એક કરોડ લોકોને વેક્સીન મુકવાનુ લક્ષ્ય છે અને ડિસેમ્બર સુધીમાં પુખ્ત વયના તમામ લોકોને વેક્સીન મુકવાનુ લક્ષ્ય પૂરૂ કરવામાં આવશે. જોકે આ લક્ષ્ય સામે સૌથી મોટુ વિઘ્ન રસીના સપ્લાયનુ છે અને હવે સરકારે તેના કારણે જ વિદેશી કંપનીઓ માટેના નિયંત્રણો હળવા કર્યા છે.

ફોર્મનું વિતરણ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ નવા આવાસો બાંધ્યા હતા જ્યાં હાલ લાભાર્થીઓનો વસવાટ પણ છે. જ્યારે ગુડા દ્વારા લાભાર્થીઓને ધ્યાને લઇ ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે નવા ૨૧૦૦ જેટલા મકાનો બાંધવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જ્યારે આ આવાસ યોજનાને અનુલક્ષીને ફોર્મ વિતરણ પણ ચાલી રહ્યુ છે. અત્યાર સુધી ગુડા દ્વારા વિવિધ સેન્ટર પરથી ૧૫૦૦૦ જેટલા ફોર્મનુ વિતરણ કરવામાં આવ્યુ છે. જ્યારે આ પૈકી ૫૦૦ જેટલા ફોર્મ પરત આવ્યા છે. બીજીતરફ કોરોના કાળમાં સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ માસ્ક સહીતના નિયમોનુ પાલન કરીને ફોર્મ વિતરણ કેન્દ્ર પર લાભાર્થીઓની અગાઉ કતાર જોવા મળતી હતી પરંતુ કોરોનાની કપરી સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુડા દ્વારા નાના આવાસો માટે પ્રથમવાર ઓનલાઈન ફોર્મ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે ફોર્મ ભરીને પણ ઓનલાઈન અપલોડ કરવા માટે લાભાર્થીઓને વ્યવસ્થા પુરી પાડવામાં આવી છે. આ ઉપરાંત કોરોનાને અનુલક્ષી આર્થિક